eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 215
February 12, 2010

## વિન્ટર સ્ટડી ટુર ઓફ આઈ.એ.એસ. ઓફિસર ટ્રેઈનીઝ ઓફ ૨૦૦૯ બેચ બેસ્ટ પ્રેકટીસીસ એન્ડ ઈનોવેશન્સ



લાલ બહાદુરશાસ્ત્રી નેશનલ એકેડમી ઓફ એડમીનીસ્ટ્રેશન, મસુરીના સને ૨૦૦૯ના બેચના આઈ.એ.એસ. ઓફિસર્સ (ટ્રેઈની)ઓએ "વિન્ટર સ્ટડી ટુર ઓફ આઈ. એ. એસ. ઓફિસર ટ્રેઈનીઝ ઓફ ૨૦૦૯ બેચ બેસ્ટ પ્રેકટીસીસ એન્ડ ઈનોવેશન્સ" સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન : અ સકસેસ સ્ટોરી કાર્યક્રમ અંતર્ગત ટીમલીડર સહાય માનસી આર સહીત ૧૨ આઈ.એ.એસ. ઓફિસરો (ટ્રેઈની)ઓએ તા. ૪/૨/૨૦૧૦ અને તા. ૫/૨/૨૦૧૦ના રોજ સુરત મહાનગરપાલિકાના પ્રોજેકટોનું નીરીક્ષણ કર્યુ હતું ...

વધુ માટે કલીક કરો >>>>>>



## મ્યુનિસિપલ એડમીનીસ્ટ્રેશન, આંધ્રપ્રદેશ,હૈદ્રાબાદની એડીશનલ ડાયરેકટર (એડમીનીસ્ટ્રેશન) ના વડપણ હેઠળની ૧૪ સભ્યોની ટીમ તા. ૮/૨/૨૦૧૦ના રોજ સુરત મહાનગરપાલિકાની મુલાકાતે

મ્યુનિસિપલ એડમીનીસ્ટ્રેશન, આંધ્રપ્રદેશ, હૈદ્રાબાદની એડીશનલ ડાયરેકટર (એડમીનીસ્ટ્રેશન) ના વડપણ હેઠળની ૧૪ સભ્યોની ટીમ તા. ૮/૨/૨૦૧૦ ના રોજ સુરત મહાનગરપાલિકાની મુલાકાતે આવી હતી ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકાનાં વેસ્ટઝોનનાં અડાજણ સ્પોર્ટસ કોમ્પલેક્ષનું ગૌરવ

સુરત કતારગામ ખાતે સુમુલ ડેરી રોડ ખાતે યોજાયેલી દક્ષિણ ગુજરાત સ્પીડ રોલર સ્કેટીંગ ચેમ્પીયનશીપનું તા. ૨૩ અને ૨૪/૦૧/૧૦ ના રોજ આયોજન થયું હતું ...

વધુ માટે કલીક કરો >>>>>>

## લીંબાયતઝોનની કામગીરી

સુરત મહાનગરપાલિકાના સીટી ઈજનેર અને લીંબાયતઝોનના વડાશ્રી વી.ડી. પટેલની સુચના મુજબ, લીંબાયત ઝોનનાં કાર્યપાલક ઈજનેરશ્રી એ.જી. ખાટીવાલા, નાયબ આરોગ્ય અધિકારી ડૉ. કે. કે. નીગમના માર્ગદર્શન મુજબ, મુખ્ય આરોગ્ય નિરીક્ષક શ્રી એમ. ઈકબાલ શેખ, કે. એમ. મહેતા, પી.જી.સુરતીની સીધી દેખરેખ હેઠળ સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યુ હતું ...

વધુ માટે કલીક કરો >>>>>>

## મ્યુનિસીપલ કોર્ટમાં આગામી તારીખ ૨૧મી ફેબ્રુઆરી ૨૦૧૦ રવિવારના રોજ 'લોક અદાલત' નું આયોજન–પેન્ડીંગ કેસોમાં સમાધાનરૂપે ઓછા દંડથી કેસોનાં નિકાલનું આયોજન –પક્ષકારોને લાભ લેવા અપીલ

સુરત શહેરમાં નાગરિકો ધ્વારા વિવિધ પ્રકારે કરવામાં આવતા ન્યુસન્સ બદલ, સુ.મ.પા. તરફથી ઘી.બી.પી.એમ.સી. એકટ હેઠળ કરવામાં આવેલ કેસો તથા શોપ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટ એકટ હેઠળ કરવામાં આવેલ કેસોનાં નિકાલ અર્થે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## માહે જાન્યુઆરી ૨૦૧૦–૧૧ દરમ્યાન સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ

સ્મીમેર હોસ્પીટલમાં જાન્યુઆરી માસ દરમ્યાન ૩૩૭૨ ઈન્ડોર તથા ૩૭૫૫૯ આઉટ ડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી. નાના ૧૪૩૧ તથા મોટા ૫૯૨ ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા ...

વધુ માટે કલીક કરો >>>>>>

## તા. ૦૯–૦૨–૨૦૧૦ના રોજ બપોરના સમયે હોપપુલનો ચોકબજાર તરફનો છેડો/સ્પાન ઝુકી જવાની ઘટના

તા. ૦૯–૦૨–૨૦૧૦ના રોજ બપોરના સમયે હોપપુલનો ચોકબજાર તરફનો છેડો/સ્પાન ઝુકી જવાની ઘટના અંગે મહાનગરપાલિકાના ઉચ્ચ અધિકારીશ્રીઓ અને એસ.વી. એન. આઈ.ટી.ના એપ્લાઈડ મીકેનીકસ ડીપાર્ટમેન્ટના પ્રોફેસરોએ સંયુકતપણે ઘટના સ્થળે સ્થળ નિરીક્ષણ કર્યુ હતું ...

વધુ માટે કલીક કરો >>>>>>

## વિન્ટર સ્ટડી ટુર ઓફ આઈ.એ.એસ. ઓફિસર ટ્રેઈનીઝ ઓફ ૨૦૦૯ બેચ બેસ્ટ પ્રેકટીસીસ એન્ડ ઈનોવેશન્સ



લાલ બહાદુરશાસ્ત્રી નેશનલ એકેડમી ઓફ એડમીનીસ્ટ્રેશન, મસુરીના સને ૨૦૦૯ના બેચના આઈ.એ.એસ. ઓફિસર્સ (ટ્રેઈની)ઓએ "વિન્ટર સ્ટડી ટુર ઓફ આઈ. એ. એસ. ઓફિસર ટ્રેઈનીઝ ઓફ ૨૦૦૯ બેચ બેસ્ટ પ્રેકટીસીસ એન્ડ ઈનોવેશન્સ" સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન : અ સકસેસ સ્ટોરી કાર્યક્રમ અંતર્ગત ટીમલીડર સહાય માનસી આર સહીત ૧૨ આઈ.એ.એસ. ઓફિસરો (ટ્રેઈની)ઓએ તા. ૪/૨/૨૦૧૦ અને તા. ૫/૨/૨૦૧૦ના રોજ સુરત મહાનગરપાલિકાના વિવિધ પ્રોજેકટોનું નીરીક્ષણ કર્યું હતું. જે દરમ્યાન તેમણે મહાનગરપાલિકાના રાંદેર વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ, વીયરકમ કોઝવે,સીંગણપોર. રાંદેર,સીંગણપોર અને ભરીમાતા માટેનો ફલડ પ્રોટેકટીવ પ્રોજેકટ અને ભેંસાણ ટ્રીટમેન્ટ પ્લાન્ટની મુલાકાત લીધી હતી. અને મહાનગરપાલિકાની કામગીરીથી ઘણા પ્રભાવિત થયા હતા.

બપોર બાદ સાયન્સ સેન્ટર, પંડિત દિન દયાળ ઉપાધ્યાય ઈન્ડોર સ્ટેડિયમની મુલાકાત લીધી હતી. પાર્લે પોઈન્ટ ખાતે ઓવરબ્રિજની ચાલી રહેલી કામગીરીનું નિરિક્ષણ કર્યુ હતું. ઉધના મગદલ્લા રોડ ખાતે સીસીરોડની કામગીરી નિહાળી હતી. તે ઉપરાંત આંજણા ખાતેના બાયો–ગેસ પ્લાન્ટની પણ મુલાકાત લીધી હતી.

રાત્રે મહાનગરપાલિકા ધ્વારા કરવામાં આવતી રાત્રિ સ્ક્રેપીંગ/બ્રશીંગની કામગીરી નિહાળી હતી.

તા. ૫/૨/૨૦૧૦ના રોજ સરથાણા નેચરપાર્ક,ખજોડ ડીસ્પોઝલ પ્લાન્ટ, અર્બન હેલ્થ સેન્ટર, બાયોમેડિકલ વેસ્ટ પ્લાન્ટ, ભટારની મુલાકાત લીધી હતી. તે ઉપરાંત સુરત મહાનગરપાલિકાના અન્ય વિવિધ પ્રોજેકટોની પણ મુલાકાત લીધી હતી.

સુરત મહાનગરપાલિકાની મુખ્ય કચેરી ખાતે જુના સ્થાયી સમિતિ ખંડમાં મહાનગરપાલિકાના વિવિધ પ્રોજેકટો વિશેનું પ્રેઝન્ટેશન રજુ કરવામાં આવ્યું હતું. મ્યુ.કમિશ્નરશ્રીએ સુરત મહાનગરપાલિકાની વિવિધ પ્રોજેકટો વિશે માહિતી પુરી પાડી હતી. તેમજ મુલાકાતી ટીમ લીડરને મોમેન્ટો અર્પણ કર્યો હતો.

અંતમાં મુલાકાતી ટીમના લીડર સહાય માનસી આર એ મ્યુ. કમિશ્નરશ્રીને મોમેન્ટો અર્પણ કરી, તેમના પ્રવચનમાં મહાનગરપાલિકાની કામગીરીને બિરદાવી હતી.

TOP

## મ્યુનિસિપલ એડમીનીસ્ટ્રેશન, આંધ્રપ્રદેશ,હૈદ્રાબાદની એડીશનલ ડાયરેકટર (એડમીનીસ્ટ્રેશન) ના વડપણ હેઠળની ૧૪ સભ્યોની ટીમ તા. ૮/૨/૨૦૧૦ના રોજ સુરત મહાનગરપાલિકાની મુલાકાતે



મ્યુનિસિપલ એડમીનીસ્ટ્રેશન, આંધ્રપ્રદેશ, હૈદ્રાબાદની એડીશનલ ડાયરેકટર (એડમીનીસ્ટ્રેશન) ના વડપણ હેઠળની ૧૪ સભ્યોની ટીમ તા. ૮/૨/૨૦૧૦ ના રોજ સુરત મહાનગરપાલિકાની મુલાકાતે આવી હતી.

સૌ પ્રથમ ટીમના સભ્યોએ કૃષ્ણકુંજ વોર્ડ ઓફિસ, સીમાનગર, પાલનપુર પાટીયાની મુલાકાત લીધી હતી. અને તેની કામગીરી જોઈ તેનાથી ઘણા જ પ્રભાવિત થયા હતા. ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશનની કામગીરીનું પણ નિરીક્ષણ કર્યુ હતું. પાલ ટ્રાન્સફર સ્ટેશનની મુલાકાત લઈ ત્યાં એકત્રિત કરવામાં આવેલ કચરાને ડીસ્પોઝલ સાઈટ ઉપર મોકલવાની કામગીરીનું નિરીક્ષણ કર્યુ હતું. ખજોદ ડીસ્પોઝલ સાઈટ ખાતે કચરાની વૈજ્ઞાનિક ઢબે નિકાલ કરવાની કામગીરી જોઈ તેની પ્રશંસા કરી હતી. ભટાર ખાતેના બાયો મેડીકલ વેસ્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટની મુલાકાત લીધી હતી. અને ત્યા થઈ રહેલ કામગીરી નિહાળી હતી.

મુલાકાતી ટીમ સાથેની બેઠકમાં મ્યુ. કમિશ્નરશ્રીએ ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશન વિશે માહિતી આપતા જણાવ્યું હતું કે લોકોના ઘરોમાં એકત્ર થયેલ કચરો ઘરઆંગણેથી જ એકત્રિત કરી તેને ફાઈનલ ડીસ્પોઝલ સાઈટ ખાતે આખરી નિકાલ અર્થે લઈ જવા માટેનો નવતર પ્રયોગ સને ૨૦૦૪ થી સમગ્ર ભારતભરમાં સૌપ્રથમ સુરત મહાનગરપાલિકા ધ્વારા હાથ ધરવામાં આવેલ છે. મહાનગરપાલિકા સંચાલિત રૂગ્ણાલયો, હેલ્થ સેન્ટરો, હોસ્પિટલો તથા ખાનગી હોસ્પિટલ,નર્સિંગહોમ, પેથોલોજીકલ લેબોરેટરી વગેરે ધ્વારા ઉત્પન્ન થતો જૈવિક કચરો એકત્રિત કરી તેનો નિકાલ કરવામાં આવે છે. આ રીતનો "સેન્ટ્રલાઈઝડ ટ્રીટમેન્ટ ફેસીલીટી પ્લાન્ટ" સમગ્ર ગુજરાત રાજયમાં સુરત મહાનગરપાલિકા ધ્વારા સૌ પ્રથમ પ્રસ્થાપિત કરવામાં આવેલ હોવાનું જણાવ્યું હતું.શહેરના માર્ગો સાફ સુથરા રહે તે માટે રાત્રિ દરમ્યાન કોન્ટ્રાકટરો ધ્વારા સ્ક્રેપીંગ/બ્રશીંગની કામગીરી કરાવવામાં આવે છે તેમ જણાવ્યું હતું.

અંતમાં, મુલાકાતી ટીમના લીડર,એડીશનલ ડાયરેકટર(એડમીનીસ્ટ્રેશન) શ્રી કે. શિવપ્રસાદે સુરત મહાનગરપાલિકાની વિવિધ કામગીરી નિહાળી તેનાથી પોતે ઘણા જ પ્રભાવિત થયા હોવાનું જણાવ્યું હતું.

TOP

## સુરત મહાનગરપાલિકાનાં વેસ્ટઝોનનાં અડાજણ સ્પોર્ટસ કોમ્પલેક્ષનું ગૌરવ

સુરત કતારગામ ખાતે સુમુલ ડેરી રોડ ખાતે યોજાયેલી દક્ષિણ ગુજરાત સ્પીડ રોલર સ્કેટીંગ ચેમ્પીયનશીપનું તા. ૨૩ અને ૨૪/૦૧/૨૦૧૦ ના રોજ આયોજન થયું હતું. જેમાં સુરત મહાનગરપાલિકાનાં વેસ્ટઝોનમાં આવેલ અડાજણ સ્પોર્ટસ કોમ્પલેક્ષનાં સ્કેટરોએ ભાગ લીધો હતો. અન્ડર ૪ના વયજુથમાં અભિનવ તિવારી અને કૃર્થાત પટેલ બન્ને સ્કેટરોએ ગોલ્ડ અને બ્રોન્ઝ મેડલ, ૬ થી ૮ના વયજુથમાં શીવ રાઠોડે બ્રોન્ઝ મેડલ, ૮ થી ૧૦ વયજુથમાં કથન દેસાઈને બ્રોન્ઝ મેડલ, અને ૮ થી ૧૦નાં વયજુથમાં કોડ સ્કેટીંગકમાં દિલિપ પટેલ. બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરી અડાજણ સ્પોર્ટસ કોમ્પલેક્ષનું ગૌરવ વધાર્યુ છે.

ઉપરોકત સિધ્ધિ બદલ વેસ્ટઝોનનાં ઝોનલ ચીફશ્રી મોહનભાઈ દારૂવાલા, કાર્યપાલક ઈજનેરશ્રી આર.વી.ગામીત તથા અડાજણ સ્પોટર્સ કોમ્પલેક્ષનાં સંચાલક અ.ડી.મોગેરાએ સ્કેટરોને ખુબ ખુબ અભિનંદન પાઠવ્યા હતા.

TOP

## લીંબાયતઝોનની કામગીરી

સુરત મહાનગરપાલિકાના સીટી ઈજનેર અને લીંબાયતઝોનના વડાશ્રી વી.ડી. પટેલની સુચના મુજબ, લીંબાયત ઝોનનાં કાર્યપાલક ઈજનેરશ્રી એ.જી. ખાટીવાલા, નાયબ આરોગ્ય અધિકારી ડૉ. કે. કે. નીગમના માર્ગદર્શન મુજબ, મુખ્ય આરોગ્ય નિરીક્ષક શ્રી એમ. ઈકબાલ શેખ, કે. એમ. મહેતા, પી.જી.સુરતીની સીધી દેખરેખ હેઠળ સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યુ હતું. જેમાં આરોગ્ય વિભાગ મારફતે પદમાવતી સોસાયટી, શ્રીરામનગર, શાહપુરા, તૈયબા મસ્જિદ, શાહપુરા પટેલ હોલ, જુની પંચાયત, સંગમ બેન્ડની ગલી, હળપતિવાસ, ખાનપુરાનો સમગ્ર વિસ્તાર, પોલિસ સ્ટેશન રોડ, છત્રપતિ શિવાજીનગરના સહિતના વિસ્તારમાં તળિયાઝાટક સાફ–સફાઈ, સ્કેપીંગ/બ્રશીંગની કામગીરી કરી, માટીના ઢગલા ઉપાડી, જંતુનાશક દવાનો છંટકાવ કરવાની કામગીરી કરવામાં આવી હતી.

આ કામગીરી દરમયાન ન્યુસન્સ કરતા માલમ પડેલ, ૨૪ ઈસમોને ચેતવણી આપવામાં આવી હતી તેમજ ૨૧ ઈસમો પાસેથી રૂા. ૨૪૦૦/– વહીવટી ખર્ચ પેટે વસુલ લેવામાં આવ્યા હતા. તેમજ રહીશોને આરોગ્યલક્ષી શિક્ષણ આપવામાં આવ્યુ હતું. લોકસેવા વિભાગ ધ્વારા સ્કેપીંગ અને પેચકામની કામગીરી કરવામાં આવી હતી.

TOP

## મ્યુનિસીપલ કોર્ટમાં આગામી તારીખ ૨૧મી ફેબ્રુઆરી ૨૦૧૦ રવિવારના રોજ 'લોક અદાલત' નું આયોજન–પેન્ડીંગ કેસોમાં સમાધાનરૂપે ઓછા દંડથી કેસોનાં નિકાલનું આયોજન –પક્ષકારોને લાભ લેવા અપીલ

સુરત શહેરમાં નાગરિકો દ્વારા વિવિધ પ્રકારે કરવામાં આવતા ન્યુસન્સ બદલ, સુ.મ.પા. તરફથી ઘી.બી.પી.એમ.સી. એકટ હેઠળ કરવામાં આવેલ કેસો તથા શોપ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટ એકટ હેઠળ કરવામાં આવેલ કેસોનાં નિકાલ અર્થે આગામી તીારખ ૨૧મી ફેબ્રુઆરી ૨૦૧૦ –રવિવારના રોજ મે. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ (મ્યુનિ.) સાહેબની કોર્ટમાં ' લોક અદાલત'નું આયોજન કરવામાં આવેલ છે.

આ લોક અદાલતમાં આરોગ્ય ખાતા અને ગુમાસ્તા ધારા વિભાગ દ્વારા કરવામાં આવેલ કેસો, સમાધાનરૂપે ઓછા દંડથી નિકાલ કરવામાં આવનાર છે. જેથી આ લોક અદાલતનો પક્ષકારો ને મહત્તમ લાભ લેવા સુરત મહાનગર પાલિકા દ્વારા અપીલ કરવામાં આવે છે.

TOP

## માહે જાન્યુઆરી ૨૦૧૦–૧૧ દરમ્યાન સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ

સ્મીમેર હોસ્પીટલમાં જાન્યુઆરી માસ દરમ્યાન ૩૩૭૨ ઈન્ડોર તથા ૩૭૫૫૯ આઉટ ડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી. નાના ૧૪૩૧ તથા મોટા ૫૯૨ ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા ૬૮૭૦ એક્ષ રે પાડવામાં આવ્યા હતા. ટી.બી. ના નવા ૫૨૬ અને જુના ૪૪૩ દર્દીઓ સહીત કુલ ૯૬૯ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. દાંતના રોગો માટે કુલ ૧૫૬૫ દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. ફીઝીયોથેરાપી વિભાગમાં કુલ ૧૧૧૧ તથા આંખ વિભાગમાં ૩૧૨૦ આઉટડોર દર્દીઓ નોંધાયા હતા. લેબોરેટરી તથા બ્લડબેંક વિભાગમાં કુલ ૧૧૧૨૨ દર્દીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું.ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોએ આરોગ્યલક્ષી સેવાનો સારો લાભ મેળવી રહયા છે.

TOP

## તા. ૦૯–૦૨–૨૦૧૦ના રોજ બપોરના સમયે હોપપુલનો ચોકબજાર તરફનો છેડો/સ્પાન ઝુકી જવાની ઘટના

તા. ૦૯–૦૨–૨૦૧૦ના રોજ બપોરના સમયે હોપપુલનો ચોકબજાર તરફનો છેડો/સ્પાન ઝુકી જવાની ઘટના અંગે મહાનગરપાલિકાના ઉચ્ચ અધિકારીશ્રીઓ અને એસ.વી. એન. આઈ.ટી.ના એપ્લાઈડ મીકેનીકસ ડીપાર્ટમેન્ટના પ્રોફેસરોએ સંયુકતપણે ઘટના સ્થળે સ્થળ નિરીક્ષણ કર્યુ હતુ. જે દરમ્યાન માલમ પડેલ કે સદર પુલ ઘણો જુનો હોવાને કારણે ચોક તરફના છેડે ડાઉન સ્ટ્રીમ તરફના સ્ટીલના પીયરની ઉપરની બેરીંગ પ્લેટ કુદરતી રીતે ખવાય જવાને કારણે છેલ્લા સ્પાનનો એક છેડો પીલરની અંદર તરફ બેસી ગયો હતો. જેને કારણે ઉપરોકત સ્પાન/ગાળો સાઈડના ટ્રસ અને ગર્ડર સાથે નેહરુ બ્રીજની વિરુધ્ધ દિશામાં ઝુકી ગયો છે. સદર પુલ જર્જરીત હાલતમાં હોવાથી સને ૨૦૦૪ ના વર્ષથી વાહન વ્યવહાર અને રાહદારીઓની અવર જવર માટે સંપૂર્ણપણે બંધ છે. ઉપરોકત પુલ સને ૧૮૭૬ માં બન્યો હતો.એટલે ખુબ જ લાંબા સમયગાળામાં સ્ટીલના સેકશનો ખવાય ગયેલા છે તદઉપરાંત આ સમયગાળા દરમયાન તાપી નદીમાં આવેલ નાની મોટી પુરના માર પણ સહન કર્યા છે. તેમજ દરિયા તરફથી આવતા ભરતીના પાણી અને ખારાશ તથા ભેજવાળો પવન પણ આ પુલની કાટ લાગવાની પ્રકીયા ઝડપી બનાવે છે.

ઉપર જણાવ્યા મુજબ ટેકનીકલ તજજ્ઞોની ટીમ તથા મહાનગરપાલિકા અધિકારીઓ ધ્વારા કરવામાં આવેલ અવલોકનો તેમજ ચર્ચા વિચારણાને અંતે તથા બાજુમાં આજેલા હયાત નહેરુ પુલની સલામતિને ધ્યાને લઈ, સદર ઝુકી ગયેલા સ્પાનને તાકીદના ધોરણે ઉતારવાની કામગીરી મહાનગરપાલિકા મારફત કરવામાં આવેલ છે.

TOP